DATE : 18/01/2026

SANDESH, PAGE-14, SURAT



### ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે સૌથી પહેલા મેટ્રો દોડશે : કામ થશે એમ રૂટ લંબાશે

# સુરતમાં મેટ્રોનું કાઉન્ટ ડાઉન : ટ્રાયલ રનની તૈયારીઓ

**આશાનો અંત** | મેટ્રો રૂટ પર ટ્રેક નાખવા સહિતની કામગીરી પૂરી થતાં એક માસમાં મેટ્રો દોડાવવા તૈયારી

। સુરત ।

સુરત મેટ્રોને ઝડપથી ટ્રેક પર દોડાવવા માટેની તડામાર તૈયારીઓ જારી છે ત્યારે ટૂંકમાં જ કોરિડોર-૧ પર ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ટ્રાયલ રન શરૂ કરવામાં આવે તેવી સંભાવના છે. મેટ્રોના બન્ને રૂટ પર મોટી સંખ્યામાં યાત્રીઓ લાભ લેશે તેવી ગણતરી છે. તેની સાથે જ મેટ્રોમાં યાત્રીઓને વધુમાં વધુ સુવિધા, સુરક્ષા અને વધુમાં વધુ ટ્રાફિક મળે તે માટે સરવે હાથ ધરવામાં આવ્યો છે. સરવેમાં ઓપરેશનલ અને સર્વિસ અને મેન્ટેનન્સ સહિતની બાબતોને પણ આવરી લેવામાં આવી છે.

સ્માર્ટ સિટી સુરતમાં શહેરીજનોને ઝડપી યાતાયાતની વ્યવસ્થા મળી રહે તે માટે આશરે ૧૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન મેટ્રો પ્રોજેક્ટનું કામ ડ્રીમ સિટીથી સરથાણા અને ભેંસાણથી સારોલી બન્ને ટ્રેક પર ઝડપથી આગળ વધી રહ્યું છે. જેમાં કોરિડોર-૧ પર ટૂંકમાં જ ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ટ્રેક નાખવા સહિતનું કામ પૂરું થઈ જતા થોડા દિવસોમાં જ ટ્રેન દોડાવવાની તૈયારી છે. જ્યારે કોરિડોર-૨ પર ભેંસાણથી સ્ટાર બજાર સુધીનો ટ્રેક પણ તૈયાર થઈ જતા આગામી દિવસોમાં ત્યાં પણ ટ્રેન દોડાવવાની તૈયારીઓ જારી છે. મેટ્રોમાં યાત્રા દરમિયાન યાત્રીઓને સ્ટાન્ડર્ડ સુવિધાઓ મળી રહે તેમજ મેટ્રોને વધુમાં વધુ યાત્રીઓ મળે તે માટે આવશ્યક બાબતો, સુરક્ષાના માપદંડ તેમજ મેટ્રોના ફાઈનાન્શિયલ સ્થિરતા સહિતના મુદ્દાઓ પર સરવે શરૂ કરવામાં આવ્યો છે. સરવેમાં મેટ્રોના પરિવહન માટેની તમામ બાબતોને શામેલ કરી લેવામાં આવી છે. તેમાં ખાસ કરીને મેટ્રો સુધી યાત્રીઓને પહોંચવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટના સાધનો જેમ કે બસ, રિક્શા સહિતનાં સાધનોથી આવનારા યાત્રીઓ મેટ્રો સુધી સરળતાથી પહોંચી શકે તે માટે આવશ્યક વ્યવસ્થા સહિતનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટના આધારે તમામ મેટ્રો સ્ટેશનો પર આયોજન હાથ ધરાશે.

## સુરત મેટ્રો: ઝડપી અને સુવિધાજનક મુસાફરી તરફ ડગલાં

સુરત મેટ્રો પ્રોજેક્ટ અંતર્ગત ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે ટૂંક સમયમાં ટ્રાયલ રન શરૂ થવા જઈ રહ્યો છે. મેટ્રોની સુવિધા, સુરક્ષા અને સ્ટેશન સુધી પહોંચવા માટેની કનેક્ટિવિટી સુધારવા માટે હાલમાં એક વિસ્તૃત સર્વે હાથ ધરવામાં આવ્યો છે.




### એરપોર્ટ સુધી મેટ્રો દોડાવવાની યોજના

સુરત શહેરનો ઔદ્યોગિક વિકાસ ઝડપથી થતા જનસંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે. ડાયમંડ સિટી અને સિલ્કસિટીની સાથે નવા સ્ટાર્ટઅપ અને વેપાર ઉદ્યોગો શરૂ થતા એરપોર્ટનો ઉપયોગ વધ્યો છે. ત્યારે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા એરપોર્ટ સુધી મેટ્રો ટ્રેન દોડાવવા માટે વિચાર હાથ ધરાયો છે. જેના પર પ્રાથમિક અધ્યયન જારી છે, ત્યારબાદ આગામી દિવસોમાં અન્ય ઔપચારિકતાઓ શરૂ કરવામાં આવશે તેવું પણ જાણવા મળ્યું હતું.

### એડવાન્સ સુવિધાઓને ધ્યાને રાખી સરવે કરાશે

વધુમાં કહી શકાય તેમ સુરતીઓને એડવાન્સ મેટ્રો ટ્રેન મળશે કે જે પાયલટ રહિત રહેશે. સરવેમાં પણ મેટ્રોની સુવિધાઓને એડવાન્સ અને યાત્રીઓ માટે વધુમાં વધુ આરામદાયક કઇ રીતે બનાવી શકાય તેવી બાબતોને શામેલ કરવામાં આવી છે. સરવે દ્વારા એક્સપર્ટની ટીમ મેટ્રોના દૈનિક સંચાલન અને જાળવણી માટે ગ્લોબલ સ્ટાન્ડર્ડ સેટ કરશે. મેટ્રો સ્ટેશનો પર પેસેન્જર સેન્ટ્રિક ડિઝાઇન અને સ્માર્ટ કનેક્ટિવિટી પર ભાર મૂકવામાં આવશે.